શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે સૌ આગળ વધે

# સમગ્ર શિક્ષા અભિયાન

જિલ્લા પ્રોજેક્ટ કો. ઓ. ની કચેરી
એ.વી.સ્કુલ કંમ્પાઉન્ડ,ક્રેસન્ટ સર્કલ-ભાવનગર

ટોલ ફ્રી નંબર : ૧૮૦૦-૨૩૩-૦૮૫૪ ફોન નં. ફેકસ નં.૦૨૭૮-૨૪૩૦૮૫૫

પત્ર ક્રમાંક : એસ.એસ.એ./ડીપીસી/૨૦૧૯

તારીખ :- ૧૨/૧૧/૨૦૧૯

**પ્રતિ,**
**આચાર્યશ્રી,**
**માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળા તમામ**
**તાલુકો – તમામ,**
**જિ. ભાવનગર.**

**વિષય :- કલાઉત્સવ – ૨૦૧૯ નાં આયોજન બાબત.**
**સંદર્ભ :- (૧) એસપીઓ કચેરી ગાંધીનગરનાં પત્ર ક્રમાંક : એસએસએ/પી એન્ડ એમ / કલાઉત્સવ / ૨૦૧૯ / ૩૯૦૪૩ – ૩૯૧૧૩ તા. ૧૧/૧૧/૨૦૧૯**

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, કલાઉત્સવ – ૨૦૧૯ અંતર્ગત ધોરણ ૯ થી ૧૨ માં ભણતાં સરકારી, ગ્રાન્ટેડ તથા નોન ગ્રાન્ટેડ શાળાનાં વિદ્યાર્થીઓ માટે નેશનલ કક્ષાએ " કલા ઉત્સવ" નું આયોજન MHRD ન્યુ દિલ્હી ખાતે કરવામાં આવેલ છે. આ સ્પર્ધા માટે MHRD તરફથી ગાઈડ લાઈન નિયત કરાયેલ છે. આ ગાઈડ લાઈનની સુચના મુજબ કલાઉત્સવનું આયોજન કરવાનું થાય છે. જે ધ્યાને લઈ જિલ્લાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ (ધોરણ – ૯ થી ૧૨ ની સરકારી, ગ્રાન્ટેડ, ખાનગી, કેન્દ્રીય સરકારી, લોકલ બોડી, KVS, NVS, નોન ગ્રાન્ટેડ, રેલ્વે સ્કુલ, (BSF/ CRPF/ Army/ Airforce/ Cantonment Board/ NDMC etc.) એ સ્પર્ધામાં ભાગ લેવા જણાવવામાં આવે છે.

કલા ઉત્સવનો મુખ્ય ઉદેશ જિલ્લાનાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગનાં વિદ્યાર્થીઓની કલા પ્રતિભાને ઓળખી તેમને પ્રોત્સાહિત કરી શિક્ષણમાં કલાનું મહત્વ વધારવાનો છે. આ કલા ઉત્સવ– ૨૦૧૯ માં પરંપરાગત શાસ્ત્રીય અને લોક તૃત્યની સમકાલીન કલામાં નીચેની કલાઓને સ્પર્ધાઓમાં સમાવવામાં આવશે.

**કલાઉત્સવનાં ક્ષેત્રો :**

(૧) કંઠય સંગીત (Vocal Music) (૨) વાદ્ય સંગીત (Intrumental Music)
(૩) લોક નૃત્ય (Dance) (૪) ચિત્ર કલા (Painting)

ઉકત પ્રત્યેક સ્પર્ધામાં ભાગ લેનાર સ્પર્ધકની સંખ્યા નીચે મુજબ નિયત થયેલ છે.

| ક્રમ | ઈવેન્ટનું નામ | વિદ્યાર્થીઓની સંખ્યા | |
|---|---|---|---|
| | | કુમાર | કન્યા |
| ૧ | કંઠય સંગીત | ૧ | ૧ |
| ૨ | વાદ્ય સંગીત | ૧ | ૧ |
| ૩ | લોક નૃત્ય | ૧ | ૧ |
| ૪ | ચિત્ર કલા | ૧ | ૧ |

ઉકત સ્પર્ધામાં જે શાળામાંથી વિદ્યાર્થી ભાગ લે તે સ્પર્ધાની કેટેગરીને ધ્યાનમાં લઈ તે શાળાનાં શિક્ષક / શિક્ષિકાએ સ્પર્ધક સાથે જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ઉપસ્થિત રહેવું.

કલા ઉત્સવની આ સ્પર્ધામાં જિલ્લા સ્તરે પ્રથમ તબકકો, બીજો તબકકો ઝોન કક્ષાએ, ત્રીજો તબકકો રાજય કક્ષાએ અને ત્યાર બાદ પસંદગી પામેલ ટીમો રાષ્ટ્રીય કક્ષાએ ભાગ લેવા જશે. જિલ્લા કક્ષાએ પસંદગી પામેલ ટીમ ઝોન કક્ષાએ, ઝોન કક્ષાએ પસંદગી પામેલ ટીમ રાજય કક્ષાએ જશે અને આખરી તબકકામાં રાજયથી પસંદગી પામેલ પ્રતિભાઓ રાષ્ટ્રીય કક્ષાએ જશે. કલા ઉત્સવની વેબસાઈટ પરથી http://www.kalautsav.in પરથી તેનું સ્ટેટસ અપડેટ કરી શકાશે.

જિલ્લા કક્ષાની તમામ સ્પર્ધાઓ તા.૧૮ – ૧૯ /૧૧ /૨૦૧૯ સુધીમાં પૂર્ણ કરવા તથા ઝોન કક્ષાની સ્પર્ધા તા.૨૫ – ૨૬/૧૧/૨૦૧૯ સુધીમાં પૂર્ણ કરવા જણાવાયેલ છે.

**<u>સંદર્ભપત્રની નકલ આ સાથે સામેલ છે.</u>** જેમાં દર્શાવેલ કલા ઉત્સવ ૨૦૧૯ માટેની સામાન્ય માર્ગદર્શક સુચનાઓ, સ્પર્ધા માટેની પાત્રતા, રાષ્ટ્રીય કક્ષાએ કલા ઉત્સવની વિગત, કેન્દ્રીય કક્ષાએ કલા ઉત્સવમાં વિજેતા લાભાર્થી ટીમને પ્રોત્સાહક ઈનામની વિગત, ઈવેન્ટ વાઈઝ વિદ્યાર્થીઓની નિયત સંખ્યા, કલા ઉત્સવ સ્પર્ધા માટેની ગાઈડ લાઈન ધ્યાને લેવાની રહેશે.

કલા ઉત્સવ અંતર્ગત (૧) એકાંકી કંઠય સંગીતની સુચનાઓ તથા એકાંકી કંઠય સંગીતની મૂલ્યાંકન શીટ, (૨) વાદ્ય સંગીતની સુચનાઓ તથા વાદ્ય સંગીતની મૂલ્યાંકન શીટ, (૩) લોકનૃત્ય – એકાંકી નૃત્યની સુચનાઓ તથા લોકનૃત્ય – એકાંકી નૃત્યની મૂલ્યાંકન શીટ, (૪) ચિત્ર કલાની સુચનાઓ તથા ચિત્ર કલાની મૂલ્યાંકન શીટની વિગતો ધ્યાને લઈ સ્પર્ધા માટે તૈયારી, આયોજન અને રજુઆત કરવાની રહેશે.

ઉપરાંત સ્પર્ધાનું સ્વરૂપ જે અંતર્ગત (૧) જિલ્લા કક્ષાની સ્પર્ધાની વિગત (સ્પર્ધાની સમિતિનાં સભ્યોની વિગત, તથા સ્પર્ધાનો બ્રેકઅપ) (૨) ઝોન કક્ષાની સ્પર્ધાની વિગત તથા (૩) રાજય કક્ષાની સ્પર્ધાની વિગતો અને (૪) રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાની વિગત ધ્યાને રાખવાની રહેશે.

વિસ્તૃત જાણકારી અને સમજ માટે સંદર્ભપત્ર ધ્યાને લઈ અમલવારી કરવા જણાવવામાં આવે છે.

જિલ્લા પ્રોજેકટ કો.ઓર્ડિનેટરઅને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી,
સમગ્ર શિક્ષા અભિયાન, ભાવનગર

જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

**સવિનય નકલ રવાના : જાણ સારૂ.**
(૧) માન. સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી, એસએસએ, ગાંધીનગર.
(૨) પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભાવનગર.
(૩) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, જિલ્લા પંચાયત, ભાવનગર.

**નકલ રવાના : જાણ અને અમલવારી સારૂ.**
(૧) શાસનાધિકારીશ્રી, ભાવનગર અને મહુવા.
(૨) તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તમામ.
(૩) બીઆરસી કો.ઓર્ડિનેટર / સીઆરસી કો.ઓર્ડિનેટર તમામ
(૪) ઈ.આઈ. તથા એ.ઈ.આઈ.શ્રી તમામ.
(૫) એસ.વી.એસ. તમામ

ગુજરાત પ્રાંરભિક શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરની કચેરી,
સમગ્ર શિક્ષા અભિયાન, સેકટર-૧૭, ગાંધીનગર.-૩૮૨૦૧૭
ફોન.૦૭૯-૨૩૨૩૨૪૧૩, ફેકસઃ ૦૭૯-૨૩૨૩૮૪૦૪
Email : - aspdssaguj@gmail.com
Toll Free No.1800-233-7965

જયશ્રી દેવાંગન, GAS
એડીશનલ સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેકટર
સમગ્ર શિક્ષા અભિયાન

**ક્રમાંક : એસએસએ/P & Mo/કલા ઉત્સવ/૨૦૧૯/ ૩૯૦૭૩ – ૩૯૧૧૩** **તા.૨૨.૧૧.૧૯**

**પ્રતિ,**
**(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,**
**જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,જિ : તમામ**
**(૨) જિલ્લા પ્રોજેકટ કો.ઓર્ડિનેટર અને**
**જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી**
**જિલ્લો : તમામ.**
**(૩)શાસનાધિકારીશ્રી : અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત**

**વિષય : કલા ઉત્સવ–૨૦૧૯ ના આયોજન અંગે.**
**સંદર્ભ : (૧) કલા ઉત્સવ–૨૦૧૯ ની ગાઈડ લાઈન**
**(૨) એનસીઈઆરટીનો તા.૧.૧૦.૧૯ નો ઈ મેઈલ**

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, કલા ઉત્સવ–૨૦૧૯ અંતર્ગત ધો.૯ થી ધો.૧૨ માં ભણતા સરકારી, ગ્રાન્ટેડ તથા નોનો ગ્રાન્ટેડ શાળાના વિદ્યાર્થીઓ માટે નેશનલ કક્ષાએ "કલા ઉત્સવ"નું આયોજન MHRD, ન્યુ દિલ્લી ખાતે કરવામાં આવેલ છે. આ સ્પર્ધા માટેની ગાઈડ લાઈન સંદર્ભ પત્રની અત્રે મળેલ છે. જે આ સાથે સામેલ રાખેલ છે. આ ગાઈડ ગાઈનની સુચના મુજબ કલા ઉત્સવનું આયોજન કરવાનું થાય છે. જે માટે જિલ્લા કક્ષાએથી તમામ શાળાઓને તે મોકલીને તે મુજબ સ્પર્ધામાં ભાગ લેવા જણાવવામાં આવે છે.

કલા ઉત્સવનો મુખ્ય ઉદ્દેશ દેશના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓની કલા પ્રતિભાને ઓળખી તેમને પ્રોત્સાહિત કરી શિક્ષણમાં કલાનું મહત્વ વધારવાનો છે.

**(૧) કલા ઉત્સવ–૨૦૧૯ માટેની સામાન્ય સુચનાઓ :**

૨૦૧૯ કલા ઉત્સવમાં પરંપરાગત, શાસ્ત્રીય અને લોક નૃત્યની સમકાલીન કલામાં નીચેની કલાઓને સ્પર્ધાઓમાં સમાવવામાં આવશે.

**કલા ઉત્સવના ક્ષેત્રો :**

(૧) કઠય સંગીત (Vocal Music) (૨) વાદ્ય સંગીત (Instrumental Music)

(૩) લોક નૃત્ય (Dance) (૪) ચિત્રકલા (Painting)

**પ્રત્યેક સ્પર્ધામાં ભાગ લેનાર સ્પર્ધકની સંખ્યા :**

| ક્રમ | ઈવેન્ટનું નામ | વિદ્યાર્થીઓની સંખ્યા | |
|---|---|---|---|
| | | કુમાર | કન્યા |
| ૧ | કઠય સંગીત | ૧ | ૧ |
| ૨ | વાદ્ય સંગીત | ૧ | ૧ |
| ૩ | લોક નૃત્ય | ૧ | ૧ |
| ૪ | ચિત્રકલા | ૧ | ૧ |

**નોંધ : જે સ્પર્ધામાં જે શાળામાંથી વિદ્યાર્થી ભાગ લે તે સ્પર્ધાની કેટેગરીને ધ્યાનમાં લઈ તે શાળાના શિક્ષક/શિક્ષિકાએ સ્પર્ધક સાથે જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ઉપસ્થિત રહેવું.**

**(૨) <u>સ્પર્ધા માટેની પાત્રતા</u> :**

- કલા ઉત્સવમાં ધો.૯ થી ૧૨ ના સરકારી, ગ્રાન્ટ–ઈન–એઈડ, ખાનગી શાળા, કેન્દ્રીય સરકારી શાળાઓ, લોકલ બોડી, KVS, NVS, નોન ગ્રાન્ટ–ઈન–એઈડ શાળાઓ, રેલ્વે સ્કુલ(BSF/CRPF/Army/Airforce/ Cantonment Board/NDMC ect.) માધ્યમિક, /ઉચ્ચતર માધ્યમિક શાળાઓનો સમાવેશ થાય છે.
- જિલ્લા સ્તરે પ્રથમ તબકકો છે. બીજો તબકકો ઝોન કક્ષાનો છે. ત્રીજો તબકકો રાજય કક્ષાનો છે. અને ત્યારબાદ પસંદગી પામેલ ટીમો રાષ્ટ્રીય કક્ષાએ ભાગ લેવા જશે.
- જિલ્લા કક્ષાની સ્પર્ધામાં પસંદગી પામેલ ટીમ ઝોન કક્ષાએ ભાગ લેવા જશે.
- ઝોન કક્ષાની સ્પર્ધામાં પસંદગી પામેલ ટીમ રાજય કક્ષાએ જશે.
- રાષ્ટ્રીય કક્ષાએ આખરી તબકકામાં બધા જ રાજયોમાંથી પ્રથમ પસંદગી પામેલ પ્રતિભાઓ કૃતિઓ પ્રદર્શન ભાગ લઈ શકશે/કરી શકશે.
- કલા ઉત્સવની વેબ સાઈટ પરથી http://www.kalautsav.in પરથી તેનું સ્ટેટસ અપડેટ કરી શકશે.
- કલા ઉત્સવનું રાષ્ટ્રીય કક્ષાએ આયોજન ન્યુ દિલ્લી ખાતે સંભવિત તા.૧૦, ડિસેમ્બર–૨૦૧૯ દરમ્યાન આયોજન કરવામાં આવનાર છે.

**(૩) રાષ્ટ્રીય કક્ષાએ કલા ઉત્સવ :**

કલા ઉત્સવની બધી જ પ્રવૃત્તિઓ વ્યકિતગત કરવાની હોઈ કોઈપણ પ્રવૃત્તિ ટીમમાં કરી શકાશે નહી. એટલે કે બધી જ સ્પર્ધાઓ વ્યકિતગત રહેશે. કોઈપણ સ્પર્ધા ગૃપમાં કરી શકાશે નહી. રાજયમાંથી બે એન્ટ્રી દરેક ઈવેન્ટમાંથી નેશનલ કક્ષાએ મોકલવાની છે. આમ રાજયમાંથી કુલ ૮ એન્ટ્રી મોકલવાની છે. કલા ઉત્સવમાં ફકત વિદ્યાર્થી જ ભાગ લઈ શકશે. જેઓએ શાળાના અને શિક્ષકના માર્ગદર્શન હેઠળ પ્રવૃત્તિઓ તૈયાર કરવાની રહેશે. દરેક રાજયમાંથી UT, KVS અને NVS શાળાઓમાં કન્યા સાથે શિક્ષિકાબેન અને કુમાર સાથે શિક્ષક ભાઈએ જવાનું રહેશે. CWSN વિદ્યાર્થી માટે એબ વધારાના એસ્કોર્ટ વાલી અથવા શિક્ષકને મોકલવાના રહેશે. CWSN કુલ ૧૧ ની સંખ્યા(૮ વિદ્યાર્થી અને ૩ શિક્ષકો) અને જનરલ કેટેગરીમાં ૧૦ ની સંખ્યાની (૮ વિદ્યાર્થી અને ૨ શિક્ષકો)ટીમ રાષ્ટ્રીય કક્ષાએ જશે.

**કેન્દ્રીય કક્ષાએ કલા ઉત્સવમાં વિજેતા લાભાર્થી ટીમને પ્રોત્સાહક ઈનામ :**

- પ્રથમ પુરસ્કાર ૨૫,૦૦૦/–
- બીજુ પુરસ્કાર ૨૦,૦૦૦/–
- પ્રથમ પુરસ્કાર ૧૫,૦૦૦/–

દરેક સ્પર્ધા માટે પહેલા,બીજા અને ત્રીજા નંબરને ટ્રોફી અને મેડલ્સ દરેક સ્પર્ધકને આપવામાં આવશે. બધા સ્પર્ધકોને ભાગ લેવા બદલ સર્ટીફીકેટ આપવામાં આવશે.

લેખન : ૧૦૦ શબ્દોમાં થીમનું જીવંત પરંપરાનું સમગ્ર વિવરણ કરવાનું રહેશે.

જે તે સ્પર્ધા પૂર્ણ થયાબાદ ગ્રાન્ટ વપરાશનું પ્રમાણપત્ર ખર્ચ અને બચતની રકમની માહિતી નિયત પત્રકમાં ભરી સમગ્ર શિક્ષા કચેરી ssamstatett@gmail.com પર મોકલી આપવાની રહેશે.

**વિભિન્ન ટીમોમાં વિદ્યાર્થીઓની સંખ્યા નીચે મુજબ રહેશે (ગાઈડ લાઈન મુજબ)**

| ક્રમ | ઈવેન્ટનું નામ | વિદ્યાર્થીઓની સંખ્યા | |
|---|---|---|---|
| | | કુમાર | કન્યા |
| ૧ | કંઠય સંગીત | ૧ | ૧ |
| ૨ | વાદ્ય સંગીત | ૧ | ૧ |
| ૩ | લોક નૃત્ય | ૧ | ૧ |
| ૪ | ચિત્ર કલા | ૧ | ૧ |

ઉકત દર્શાવેલ ચાર કલાઓ રાજયમાં નીચે દર્શાવેલ માર્ગદર્શન પ્રમાણે જ વિદ્યાર્થીઓ માટે સ્પર્ધાનું આયોજન કરવાનું થાય છે.

**કલા ઉત્સવની ઈવેન્ટ(સ્પર્ધા)માટેની સામાન્ય માર્ગદર્શક સુચનાઓ/ગાઈડલાઈન :**

કલા ઉત્સવના માટેના નીચે દર્શાવેલ ઈવેન્ટ(ક્ષેત્ર)ની વિગતવાર માહિતી નીચે મુજબ છે. જે શાળાઓને મોકલીને આ ચાર કલા/સ્પર્ધામાં નીચે મુજબના માર્ગદર્શન પ્રમાણે વિદ્યાર્થીઓને ભાગ લેવડાવવાનો રહેશે.
ચારેય સ્પર્ધામાં વિદ્યાર્થીની સંખ્યા કલા ઉત્સવ ક્ષેત્રમાં દર્શાવેલ ઉકત ટેબલ મુજબની રહેશે.

## (૧) એકાંકી કંઠય સંગીત( Solo Music Vocal )

- રજુઆત માટેનો સમય મીનીટ ૪ થી ૬ રહેશે.
- આ ઉપરાંત ટેકનીકલ સેટીંગ માટે તેમજ/સાધનોને દુર કરવા માટે વધારાની ૫ મીનીટનો સમય આપવો.
- સંગીતનું ગાયન કોઈપણ શૈલી/સ્ટાઈલમાં પરંપરાગત લોક સંગીત અથવા સમકાલીન કરવાનું રહેશે.
- સંગીતના સાધનો શિક્ષક ધ્વારા વગાડી શકાશે.
- કંઠય સંગીતની રજુઆત કોઈપણ ભાષામાં કરી શકાશે.(લોક બોલીમાં)
- કંઠય સંગીતને અનુરૂપ વેશભુષા અને થીમને અનુલક્ષીને રજુઆત કરવાની રહેશે.
- સ્પર્ધકને પોતાની સંગીત અને સંગીતના સાધનોની ટીમને પરવાનગી આપી પોતાના સાધનો વાપરવાના/ લાવવાના રહેશે.
- સંગીતના સાધનો જેવા કે તબલા, ઢોલક, ઢોલ, નાડ, હારમોનીયમ, કી બોર્ડ તેમજ વધારાની જરૂરીયાતોને એડવાન્સમાં એનેક્ષર–૧ મુજબ નોડેલ ઓફીસરને સબમીટ કરવાનું રહેશે.
- ૧૦૦ શબ્દોમાં કંઠય સંગીતમાં પ્રેઝન્ટેશનને અનુલક્ષીને સમરી લખી એનેક્ષર–૧ મુજબ નોડલ ઓફીસરને સબમીટ કરવાનું રહેશે.

## એકાંકી કંઠય સંગીતની મુલ્યાંકન શીટ( Solo Music Vocal )

**રાજયનું નામ : .............**
**શાળાનો પ્રકાર : .............**
**દેખાવનું શીર્ષક : .............**

| શૈલી / Style | સૂર / Sur | તાલ / Taal | ગાયનના ઉચારણ / Pronunciation of Lyrics | સર્જનાત્મકતા / Creativity | અધિકૃતતા / Authenticity | રજૂઆત / Presentation | કુલ માર્ક્સ / Total Marks |
|---|---|---|---|---|---|---|---|
| ૧૦ | ૨૦ | ૨૦ | ૧૫ | ૧૦ | ૧૦ | ૧૫ | ૧૦૦ |

## (૨) વાદ્ય સંગીત ( Instrumental Music) :

- રજુઆત માટેનો સમય ૪ થી ૬ મીનીટ
- આ ઉપરાંત ટેકનીકલ સેટીંગ માટે તેમજ સાધનોને દુર કરવા માટે વધારાની ૫ મીનીટનો સમય આપવાનો રહેશે.
- સંગીતનું ગાયન કોઈ પણ શૈલી / સ્ટાઈલમાં પરંપરગત લોક સંગીત અથવા સમકાલીન કરવાનું રહેશે.
- પર્ફોમન્સ(દેખાવ)વાદ્ય સંગીતને કોઈપણ શૈલીમાં પરંપરાગત શાસ્ત્રીય અને લોક સંગીત શૈલીમાં દેખાવ રજુ કરવાનો રહેશે. કોઈપણ ભારતીય વાદ્ય સાધન( Instrumental )આ વિભાગમાં વગાડવાનું રહેશે. ( તબલા , સિતાર સરોદ, બાંસૂરી, ગીટાર, વાયોલીન, વીણા, સંતુર, શહેનાઈ, મ્રીદંગ)
- સ્પર્ધકે વૈવિધ્ય રજુઆત કરતી વખતે સાધનોની ગોઠવણી થીમને અનુરૂપ કરવાની રહેશે.
- કોઈપણ વધારા સ્પર્ધકે સ્પર્ધામાં સાથે ભાગ લેવાનો રહેશે નહી.
- વાદનને અનુરૂપ પોષાક તેમજ સાધન સરંજામ અને દેખાવ થીમને અનુરૂપ રહેશે.(પહેરવેશ)
- વાદ્ય સંગીતના સાધનો જેવા કે તબલા, ઢોલક, ઢોલ, નાડ, હારમોનીયમ, કી બોર્ડ તેમજ વધારાની જરૂરીયાતોને એડવાન્સમાં એનેક્ષર–૧ મુજબ નોડેલ ઓફીસરને સબમીટ કરવાનું રહેશે. નોડલ ઓફીસરે અગાઉથી રાષ્ટ્રીય કક્ષાએ જાણ કરવાની રહેશે.
- કોઈપણ પ્રકારના સાથીદારો અને અન્ય સભ્યો આ સ્પર્ધામાં પરવાનગી આપવામાં આવશે નહી.
- ૧૦૦ શબ્દોમાં કંઠય સંગીતમાં પ્રેઝન્ટેશનને અનુલક્ષીને સમરી લખી એનેક્ષર–૧ મુજબ નોડેલ ઓફીસરને સબમીટ કરવાનું રહેશે.

## વાદ્ય(Instrumental) સંગીત મુલ્યાંકન શીટ

**રાજયનું નામ : .................**
**શાળાનો પ્રકાર : ...............**
**દેખાવનું શીર્ષક : ...............**

| વગાડવાની શૈલી / Style | સૂર / Sur | તાલ / Taal | રચના સામગ્રી / Composition content | વગાડવાનું સાધન / Handling of the instrument | સર્જનાત્મકતા અધિકૃતા / Authenticity and creativity | રજુઆત / Presentation | કુલ માર્કસ / Total Marks |
|---|---|---|---|---|---|---|---|
| ૧૦ | ૨૦ | ૨૦ | ૧૫ | ૧૦ | ૧૦ | ૧૫ | ૧૦૦ |

## (૩) લોકનૃત્ય ( Solo Dance )એકાંકી નૃત્ય :

- રજુઆત માટેનો સમય : ૪ થી ૬ મીનીટ
- આ ઉપરાંત ટેકનીકલ સેટીંગ માટે તેમજ/સાધનોને દુર કરવા માટે વધારાની ૫ મીનીટનો સમય આપવાનો રહેશે.
- પર્ફોમન્સ(દેખાવ): એકાંકી નૃત્યને કોઈપણ શૈલી/સ્ટાઈલમાં પરંપરાગત શાસ્ત્રીય અને એકાંકી નૃત્ય શૈલીમાં દેખાવ કરવાનો રહેશે.
- સંગીત જીવંત અથવા રેકોડીગ કરી વગાડી શકાશે.
- નૃત્યને અનુરૂપ પોષાક (પહેરવેશ)તેમજ સાધન સરંજામ અને દેખાવ / થીમને અનુરૂપ કરવાનો રહેશે. મંચ સજજા અને પોષાક થીમને અનુરૂપ વ્યવસ્થા કરવાની રહેશે.
- સ્પર્ધાની વ્યવસ્થામાં કોઈપણ ભારતીય વગાડવાના સાધનો જેવા કે તબલા, ઢોલક, ઢોલ, નાડ, હારમોનીયમ, કી બોર્ડ તેમજ વધારાની જરૂરીયાતોને એડવાન્સમાં એનેક્ષર–૧ મુજબ નોડલ ઓફીસરને સબમીટ કરવાનું રહેશે. અને નોડલ ઓફીસરે અગાઉથી રાષ્ટ્રીય કક્ષાએ જાણ કરવાની રહેશે.
- કોઈપણ પ્રકારના સાથીદારો અને અન્ય સભ્યો આ સ્પધામાં પરવાનગી આપવામાં આવશે નહી.
- ૧૦૦ શબ્દોમાં કંઠય સંગીતમાં પ્રેઝન્ટેશનને અનુલક્ષીને સમરી લખી એનેક્ષર–૧ મુજબ નોડલ ઓફીસરને સબમીટ કરવાનું રહેશે.

<u>લોકનૃત્ય (Solo Dance) એકાંકી નૃત્ય મુલ્યાંકન શીટ</u>

**રાજયનું નામ : .................**
**શાળાનો પ્રકાર : ...............**
**દેખાવનું શીર્ષક : ...............**

| નૃત્યની શૈલી / Style | સૂર / ગીતનો ભાગ/ સૂર piece of lyrics | તાલ / Taal | શણગાર (Make up) | પોષાક / Costume | અધિકૃતતા / Authenticity | સર્જનાત્મકતા / Creativity | રજુઆત / Presentation | કુલ માર્કસ / Total Marks |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧૦ | ૧૫ | ૧૫ | ૧૦ | ૧૦ | ૧૦ | ૧૫ | ૧૫ | ૧૦૦ |
| | | | | | | | | |

## (૪) ચિત્ર કલા( Painting) :

- ચિત્રની એન્ટ્રીમાં કોઈપણ શૈલીમાં પરંપરાગત, પ્રાદેશિક , મોર્ડન, સમકાલીન અને વોટર કલર કેયોન્સ, પેન્સીલ વગેરેનો ઉપયોગ કરી શકાશે.
- દરેક સ્પર્ધકે એક ચિત્ર દોરવાનું રહેશે.
- સ્પર્ધકે પોતાની શૈલી સ્પર્ધા સ્થળે જ રજુ કરવાની રહેશે. અગાઉથી તૈયાર ચિત્ર બનાવીને સાથે લાવી શકશે નહી સ્પર્ધકે પોતાની ચિત્ર માટેની જરૂરીયાતના સાધનો સાથે લાવવાના રહેશે. પેન્ટીગ મટીરીયલ જેવું કે ઓઈલ, એક્રેલીક(કાર્બનિક પ્રવાહી), કેયોન્સ વોટર કલર સ્પર્ધા સ્થળ પર આપવામાં આવશે જેના મુજબ જાણ કરી સબમીટ કરવાનું અગાઉથી નોડલ ઓફીસર ધ્વારા એનેક્ષર૧ મુજબ જાણ કરી સબમીટ કરવાનું રહેશે.
- ચિત્રની સાઈઝ 3 ft * 3 ft થી વધારે રાખી શકાશે નહી.
- સ્પર્ધકે ચિત્રની થીમને પહેલેથી જ નિર્ણાયકો સમક્ષ વર્ણવવાનું રહેશે.

- સાધન સામગ્રીને લેવા મુકવાની જવાબદારી ભાગ લેનાર સ્પર્ધકની પોતાની રહેશે.
- દરેક ટીમને સ્પર્ધા દરમ્યાન 8 ft * 8 ft ની કામગીરીની જગ્યા આપવામાં આવશે.
- ૧૦૦ શબ્દોમાં પોતાની સમરી, ટેકનીક અને શૈલી હિન્દી અથવા અંગ્રેજીમાં અગાઉની નોડલ ઓફીસર ધ્વારા સબમીટ કરવાની રહેશે.

**ચિત્ર કલા( Painting) મુલ્યાંકન શીટ**

**રાજયનું નામ : ..................**
**શાળાનો પ્રકાર : ...............**
**દેખાવનું શીર્ષક : ................**

| યોગ્ય થીમની પસંદગી/ Selection of suitable theme | રચના/ Composition | Originality | સુંદરતા/ Fineness | પ્રદર્શન / Display | સમગ્ર અસરકારકતા / Overall impact | રજુઆતનું વર્ણન / Presentation Narration | માર્કસ / Total Marks |
|---|---|---|---|---|---|---|---|
| ૧૦ | ૧૫ | ૨૦ | ૧૦ | ૧૦ | ૧૫ | ૨૦ | ૧૦૦ |
| | | | | | | | |

**<u>સ્પર્ધાનું સ્વરૂપ :</u>**

**(૧) જિલ્લા કક્ષાની સ્પર્ધા :**

- રાજયમાં જિલ્લા કક્ષાએ જિલ્લા શિક્ષણાધિકારી ધ્વારા ઉપર દર્શાવેલ એક થી ચાર ક્ષેત્રોમાં સ્પર્ધા યોજવી.
- ઉકત ચાર સ્પર્ધાઓ જિલ્લા કક્ષાએ યોજી અને ચારેય સ્પર્ધામાંથી એક એક કૃતિ પસંદ કરવાની રહેશે.
- જિલ્લા કક્ષાએ યોજાયેલ તમામ વિભાગની સ્પર્ધાદીઠ ૨ નિર્ણાયકો હોવા જરૂરી છે.
- જિલ્લા કક્ષાએ સ્પર્ધાદીઠ કુમાર અને કન્યા કેટેગીરીમાંથી પ્રથમ પસંદગી પામેલ વિજેતાઓને ઝોન કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા જે તે ઝોન કક્ષાએ તથા રાજયને પણ તેની યાદી મોકલવી.
- જિલ્લા કક્ષાની તમામ સ્પર્ધાઓ તા.૧૮–૧૯/૧૧.૧૯ સુધીમાં પૂર્ણ કરી તેનું પરિણામ સમગ્ર શિક્ષા , સેકટર–૧૭, ગાંધીનગરને ઈ–મેઈલ ssamstatett@gmail.com અને સંબંધિત ઝોનના જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને તા.૨૦.૧૧.૧૯ સુધીમાં મોકલી આપવાનું રહેશે. તેમજ સમગ્ર શિક્ષા અભિયાન કચેરીને સ્પર્ધાના હિસાબોનું એકંદર પત્રક મોકલી આપવાનું રહેશે. અસલ ફાઈલ જિલ્લા કક્ષાએ જમા રાખીને, જે તે સમયે ઓડીટ કરાવવાનું રહેશે.

**જિલ્લા કક્ષાએ સ્પર્ધાની સમિતિના સભ્યો નીચે પ્રમાણે રહેશે.**

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી(કન્વીનર)
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
- પ્રાચાર્યશ્રી, ડાયટ
- જિલ્લા રમત ગમત અધિકારીશ્રી

- જિલ્લા અને રાજય કક્ષાએ કોઈ પણ પ્રકારના પુરસ્કારની જોગવાઈ નથી પણ સ્થાનિક સંસ્થાઓ, ઉદ્યોગગૃહો, મંડળો ધ્વારા પુરસ્કારથી પ્રોત્સાહિત કરી શકશે. જિલ્લા કક્ષાએ દરેક ક્ષેત્રમાં વિજેતા પહેલા, બીજા અને ત્રીજા ક્રમે આવનાર કૃતિને પ્રમાણપત્ર આપી શકાશે.
- કલા ઉત્સવ–૨૦૧૯ ની સ્પર્ધા માટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ જિલ્લામાં આગોતરું આયોજન કરવું તથા જિલ્લામાં આયોજીત કૃતિઓમાં માર્ગદર્શક અને શ્રેષ્ઠ કૃતિ નકકી કરવા જે તે ક્ષેત્રના નિષ્ણાંતો નકકી કરવાના રહેશે.
- જિલ્લા કક્ષાએ વિદ્યાર્થીઓ પસંદગી પામે અને રાજય કક્ષા સુધી ભાગ લેવા ઉત્સાહી બને તે માટે તેઓને પ્રોત્સાહિત કરી ઉત્તમમમાં ઉત્તમ રીતે સ્પર્ધાઓ થાય તેવા પ્રયત્ન શાળા અને જિલ્લા કક્ષાએ થાય તે માટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ અંગત રસ લઈ કાર્યવાહી કરવાની રહેશે.
- કલા ઉત્સવ–૨૦૧૯ માં શાળાઓ ભાગ લઈ શકે તે માટે જિલ્લાની તમામ સરકારી, ગ્રાન્ટ એઈડ ઈન માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ આરએમએસએ શાળાઓ, મોડેલ સ્કુલો તથા મોડેલ ડે સ્કુલોને આપની કક્ષાએથી પરિપત્ર કરી જાણ કરવાની રહેશે.
- જિલ્લા કક્ષાના સ્પર્ધાના આયોજન માટે જિલ્લાને રૂા.૧૩,૦૦૦/–ની ગ્રાન્ટ ફાળવવામાં આવશે. જેનો બ્રેકઅપ નીચે મુજબ છે.

**પત્રક –(ક) જિલ્લા કક્ષાની સ્પર્ધાનો બ્રેકઅપ**

| ક્રમ | વિગત | રકમ રૂા. |
|---|---|---|
| ૧ | બેનર, માઈક અને સાઉન્ડ સીસ્ટમ, સ્ટેજ સુશોભન, અન્ય ડેકોરેશન, પોસ્ટર | ૫૦૦૦/– |
| ૨ | રૂા.૬૦/– લેખે તમામ સ્પર્ધકો માટે અને આવેલ શિક્ષકો માટે આ સાથે ભારે નાસ્તાની વ્યવસ્થા | ૬૦૦૦/– |
| ૩ | નિર્ણયદીઠ પુરસ્કાર ભથ્થુ નિર્ણાયક ૮ કુલ(નિર્ણાયક ૨ સ્પર્ધાદીઠ ) લેખે રૂા.૨૫૦/– | ૨૦૦૦/– |
| | કુલ | ૧૩,૦૦૦/– |

**(૨) ઝોન કક્ષાની સ્પર્ધા :** નીચે દર્શાવેલ પત્રક પ્રમાણે સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ ઝોન કક્ષાનું આયોજન કરવાનું રહેશે.

**પત્રક : (ખ) ઝોન કક્ષાએ યોજાનાર સ્પર્ધાની વિગતો**

| ક્રમ | ઝોનનું નામ | ઝોન કક્ષાના કન્વીનર જિલ્લા શિક્ષણાધિકારીશ્રી | ઝોન કક્ષાના સહ કન્વીનર જિલ્લા શિક્ષણાધિકારીશ્રી | સમાવેશ જિલ્લાઓ | ઝોન કક્ષાના સ્પર્ધા માટેની તારીખો |
|---|---|---|---|---|---|
| ૧ | દક્ષિણ ઝોન | ભરૂચ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી | સુરત અને નવસારી જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારીશ્રી | ભરૂચ, નર્મદા, સુરત, તાપી, વલસાડ, નવસારી, છોટઉદેપુર, ડાંગ | તા.૨૫.૧૧.૧૯ અથવા તા.૨૬.૧૧.૧૯ |
| ૨ | મધ્ય અને પૂર્વ ઝોન | દાહોદ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી | મહીસાગર અને પંચમહાલ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી | અમદાવાદ (શહેર અને ગ્રામ્ય), ખેડા, અરવલ્લી, મહીસાગર, પંચમહાલ, દાહોદ, વડોદરા, આણંદ | તા.૨૫.૧૧.૧૯ અથવા તા.૨૬.૧૧.૧૯ |
| ૩ | ઉત્તર ઝોન | પાટણ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી | મહેસાણા અને બનાસકાંઠા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી | કચ્છ, બનાસંકાઠા, મહેસાણા, પાટણ, ગાંધીનગર, સુરેન્દ્રનગર, મોરબી, સાબરકાંઠા | તા.૨૫.૧૧.૧૯ અથવા તા.૨૬.૧૧.૧૯ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૪ | પશ્ચિમ ઝોન | ભાવનગર જિલ્લા શિક્ષણાધિકારીશ્રી | પોરબંદર અને જુનાગઢ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી | રાજકોટ, જામનગર, દેવભુમિ ધ્વારકા, પોરબંદર, જુનાગઢ, ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, બોટાદ | તા.૨૫.૧૧.૧૯ અથવા તા.૨૬.૧૧.૧૯ |

- ઝોન કક્ષાની કલા ઉત્સવની ચારે સ્પર્ધાઓ દર્શાવેલ તા.૨૫.૧૧.૧૯ અથવા તા.૨૬.૧૧.૧૯ ના રોજ જે તે ઝોનમાં યોજવાની છે.
- ઝોન કક્ષાએ દરેક વિભાગની તમામ સ્પર્ધાદીઠ ઓછામાં ઓછા ૩ નિર્ણાયકો હોવા જરૂરી છે. જે અન્વયે આ તમામ નિર્ણાયકોની વિગત તા.૨૨.૧૧.૧૯ સુધીમાં રાજયકક્ષાએ મોકલવાની રહેશે.
- ઝોન કક્ષાના કન્વીનરશ્રીએ સહ કન્વીનર જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીમાંથી ઝોન કક્ષાની સ્પર્ધા માટે કર્મચારીઓનો ઓર્ડર કરી અત્રે તા.૨૨.૧૧.૧૯ સુધી જાણ કરવાની રહેશે.
- ઝોન કક્ષાના કન્વીનરશ્રીએ ઝોન કક્ષાની સ્પર્ધા માટે સ્થળ પસંદગી કરીને તા.૨૨.૧૧.૧૯ સુધીમાં અત્રે મોકલવાનું રહેશે.
- ઝોન કક્ષાની સ્પર્ધા માટે દર્શાવેલ તારીખોમાં તમામ ઝોન કક્ષાની સ્પર્ધાઓ પૂર્ણ કરી વિજેતાઓના નામ ત્યારબાદ તા.૨૭.૧૧.૧૯ ના રોજ અત્રે મોકલવાના રહેશે.

**રાજય કક્ષાની સ્પર્ધા :**

- ઝોન કક્ષાએથી ચારે વિભાગમાં કુમાર અને કન્યા કેટેગીરીમાંથી પ્રથમ પસંદગી પામેલ વિજેતાઓની કૃતિ માટે રાજય કક્ષાની સ્પર્ધા સંભવિત તા.૩૦.૧૧.૧૯ ના રોજ યોજવામાં આવશે. જે અન્વયે સ્થળ અત્રેથી જાણ કરવામાં આવશે.
- રાજય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા જે તે ઝોન કક્ષાએથી ઉપર મુજબની યાદી રાજય કક્ષાએ તથા રાજય કક્ષાની સ્પર્ધા આયોજીત જિલ્લાને તેની યાદી મોકલવાની રહેશે.

**રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા :** આ સ્પર્ધા દિલ્લી ખાતે ડિસેમ્બર–૧૯ માં યોજવામાં આવનાર છે.

**નોંધ ઉપર માન.એસપીડીશ્રીની મંજુરી અન્વયે**

(જયશ્રી દેવાંગન)

**નકલ સવિનય રવાના જાણ અર્થે :**

- માન.સચિવશ્રી, (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ),શિક્ષણ વિભાગ, ગાંધીનગર
- માન.એસપીડીશ્રી, સદર કચેરી.
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં–૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક નં–૧૨/૧ માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર